For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

બાલાસિનોરમાં પોણા છ ઇંચ વરસાદ

24 કલાકની અંદર રાજ્યમાં 63 તાલુકાઓમાં વરસાદ

ઉત્તર-મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્રમાં આજે યલો એલર્ટ, ગાજવીજ સાથે વરસાદની શક્યતા

ગામ / તાલુકાનું નામ	વરસાદની વિગત
બાલાસિનોર	5.79 ઇંચ
ભીલોડા	3 ઇંચ
ઘનસુરા	2.60 ઇંચ
ગલતેશ્વર	2.24 ઇંચ
કપડવંજ	2.17 ઇંચ
નડિયાદ	2 ઇંચ
ઘોઘંબા	2 ઇંચ
જાંબુઘોડા	2 ઇંચ
ખડવાલ	2 ઇંચ
સાઠંબા	1.38 ઇંચ
બોટાદ	1.25 ઇંચ
કઠલાલ	1.25 ઇંચ
ગોધરા	1.10 ઇંચ
વડાલી	1 ઇંચ
જામનગર	1 ઇંચ
કોઠંબા	1 ઇંચ
હાલોલ	15 મીમી
તળાજા	13 મીમી
ઘંઘુકા	9 મીમી

અમદાવાદઃ રાજ્યના 63 તાલુકામાં આજે વરસાદ નોંધાયો હતો. જેમાં મહિસાગરના બાલાસિનોરમાં સૌથી વધુ પોણા છ ઇંચ વરસદ પડ્યો હતો. ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની આગેકૂચ ધીમી ગતિએ આગળ વધી રહી છે ત્યારે આગામી સાત દિવસ સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે 19 જૂન માટે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કર્યું છે.

છેલ્લા 24 કલાક દરમિયાન ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો. મહીસાગર જિલ્લામાં એકાદ સ્થળે અતિભારે વરસાદ પડ્યો હતો. જ્યારે અરવલ્લી અને મહેસાણા જિલ્લામાં ભારે વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પણ છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા હતા, જ્યારે કચ્છમાં વાતાવરણ મુખ્યત્વે શુષ્ક રહ્યું હતું. અમદાવાદ શહેર માટે હવામાન વિભાગે સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેવાની આગાહી કરી છે. શહેરમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદના એકથી બે ઝાપટાં પડી શકે છે.

19 જૂનના રોજ બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ગાજવીજ, વીજળીના ચમકારા અને 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. આ ઉપરાંત વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ તેમજ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર અને બોટાદ

...અનુસંધાન પાના ૧૩ પર

ચીખલી, વાપીમાં મધ્ય રાત્રિએ અને સવારે હળવું ઝાપટું

ઘેજ, વાપી: ચીખલી પંથક તેમજ વાપી તથા તેની આસપાસના વિસ્તારોમાં મધ્યરાત્રિએ તેમજ વહેલી સવારે વરસાદી ઝાપટા પડ્યા હતા. ચીખલી પંથકમાં અસહ્ય બફારા વચ્ચે રાત્રે અને દિવસ દરમિયાન વરસાદના ઝાપટાં પડતા માર્ગો ભીંજાયા હતા. ચાલુ સીઝને નબળા ચોમાસાના સંકેત વચ્ચે ખેડૂતો સહિત લોકો વરસાદની રાહ જોઈ રહ્યા છે. જૂન મહિનાનું ત્રીજુ સપ્તાહ ચાલુ છે, તેમ છતાં વિધિવત ચોમાસું શરૂ થયું નથી અને તેવી સ્થિતિમાં ડાંગરના ધરૂની વાવણી માટે પણ ધરતીપુત્રો અવઢવમાં મુકાયા છે. મધરાત્રે તાલુકાના કેટલાક વિસ્તારોમાં મેઘરાજાના અમીછાંટણા થયા હતા જ્યારે સવારે કેટલાક વિસ્તારમાં હળવું ઝાપટું પડતાં માર્ગો ભીંજાયા હતા અને સવારે ૮ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે વાપી વિસ્તારમાં બુધવારે મધ્યરાત્રિના આશરે 3 વાગ્યાની આસપાસ વરસાદી ઝાપટાં પડ્યા હતા અને સવારે દશેક વાગ્યાની આસપાસ થોડા સમય માટે ફરીથી વરસાદ વરસ્યો હતો. જ્યારે ગુરુવારે મધ્યરાત્રિના આશરે સાડા ત્રણેક વાગ્યાની આસપાસ

...અનુસંધાન પાના ૧૩ પર

અલ નીનોની અસરથી ચોમાસું મોડું

સુરતમાં ઉનાળા જેવી ગરમીનો અહેસાસ, તાપમાન 35.1 ડિગ્રી

હવામાં ભેજનું પ્રમાણ 63 ટકા, દક્ષિણ-પશ્ચિમના પવનો છતાં લોકોને ગરમીથી રાહત નહીં

સુરતઃ સુરત શહેરમાં ચોમાસાના આગમનની રાહ વચ્ચે ગુરુવારે પણ ઉનાળા જેવી ગરમીનો અનુભવ થયો હતો. મહત્તમ તાપમાનમાં અડધા ડિગ્રીનો ઘટાડો નોંધાયો હોવા છતાં ભેજના ઊંચા પ્રમાણને કારણે લોકોને ભારે ઉકળાટ અને ગરમીનો સામનો કરવો પડ્યો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ શહેરમાં આજે મહત્તમ તાપમાન 35.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે અગાઉના દિવસની સરખામણીએ અડધો ડિગ્રી ઓછું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન પણ આંશિક ઘટાડા સાથે 28.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિવસ દરમિયાન હવામાં ભેજનું પ્રમાણ 63 ટકા જેટલું રહ્યું હતું, જેના કારણે ગરમીની તીવ્રતા વધુ અનુભવાઈ હતી. શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશાથી પ્રતિ કલાક 10 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાયો હતો. જોકે પવનની હાજરી છતાં ભેજયુક્ત વાતાવરણના કારણે લોકોને ખાસ રાહત મળી નહોતી. બપોરના સમયે રસ્તાઓ અને ખુલ્લા વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ વધુ જણાતું હતું, જ્યારે સાંજના સમયે પણ ઉકળાટ યથાવત રહી હતી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર વર્તમાન સમયમાં અલ નીનોની અસરને કારણે ચોમાસાની ગતિ ધીમી પડી છે. જેના પરિણામે ગુજરાત સહિત દક્ષિણ ગુજરાતમાં વરસાદી પ્રવૃત્તિઓ પાછળ ઠેલાઈ રહી છે. હાલના સંજોગોમાં 23 જૂન બાદ વરસાદની સંભાવનાઓ વધુ મજબૂત બનશે તેવી આગાહી કરવામાં આવી રહી છે. ત્યાં સુધી સુરત શહેરમાં ગરમી અને ભેજનું મિશ્રણ યથાવત રહેવાની

...અનુસંધાન પાના ૧૩ પર

(તસવીર : સતીષ જાદવ)

અડાજણના ઇવી શો-રૂમની આગે 7 દુકાનને ચપેટમાં લીધી

બેટરી બ્લાસ્ટ બાદ લાગેલી આગમાં અન્ય બેટરીઓ ફટાકડાની જેમ ફૂટી, 15 બાઇક ખાખ

આગ એટલી ભયાનક હતી કે શો રૂમની બાજુના રેસ્ટોરન્ટ, મેડિકલ સ્ટોર સહિત સાત દુકાન સ્વાહા

સુરતઃ શહેરના અડાજણ વિસ્તારમાં આવેલા બાપ્સ હોસ્પિટલની બાજુમાં સવારે ઈવી બાઇકના શો-રૂમમાં બેટરી બ્લાસ્ટ બાદ આગ લાગી હતી. શો રૂમમાં અન્ય બેટરીઓ પણ ફટાકડાની જેમ ફૂટતા ગણતરીની મિનિટોમાં આગ ભીષણ બની હતી. ઈવી બાઇકના શો-રૂમમાં લાગેલી આગે બાજુમાં આવેલી અપોલો ફાર્મસી, રેસ્ટોરન્ટ, પાનનો ગલ્લો, સુમુલ પાર્લર, નાસ્તાની દુકાન સહિત કુલ ૭ દુકાનને ઝપેટમાં લઇ લીધી હતી. જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતા શહેરના અલગ અલગ સાત જેટલા ફાયર સ્ટેશનથી ૧૫ જેટલી ગાડીઓનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવાયો હતો. ભીષણ આગને કાબૂમાં લેવા ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. આગમાં સાત દુકાનો તથા ફર્નિચરથી માંડી ૧૫

...અનુસંધાન પાના ૧૩ પર

દુકાનદારોએ 10 ફૂટ માર્જિનની જગ્યામાં પતરાના શેડ બનાવી કબજો જમાવ્યો હતો

આહુરાનગર શોપિંગ કોમ્પલેક્સની બહાર વાહનોના પાર્કિંગ માટે માર્જિનની જગ્યા છોડવામાં આવી છે પરંતુ તમામ દુકાનદારોએ માર્જિનની જગ્યામાં 10 ફૂટ જેટલા પતરા બહાર કાઢી સંપૂર્ણ જગ્યા પર ગેરકાયદે કબજો જમાવી લીધો હતો. માર્જિનની જગ્યાઓ પણ વેપાર ધંધા માટે વપરાશમાં લઇ વેપારીઓએ ગેરકાયદે પતરાના

...અનુસંધાન પાના ૧૩ પર

ઈ બાઇકની બેટરીના ધડાકાથી અડાજણ ચાર રસ્તા ધ્રુજી ઊઠ્યા

સુરત : અડાજણ ચાર રસ્તા નજીક આવેલા ઇલેક્ટ્રિક બાઇકના શોરૂમમાં લાગેલી આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની ઝપેટમાં શોરૂમમાં રાખવામાં આવેલી ઈ-બાઇકની બેટરીઓ આવતા એક પછી એક ધડાકાભેર ફાટવા લાગી હતી. બેટરીના જોરદાર વિસ્ફોટના અવાજોથી સમગ્ર વિસ્તાર ધ્રુજી ઊઠ્યો હતો અને આસપાસના લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. આગની તીવ્રતા એટલી હતી કે તેની અસર

...અનુસંધાન પાના ૧૩ પર

આગની ગરમીથી ગેરકાયદે પતરાના શેડ વાંકા વળી ગયા

ફાયર વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે સવારે આગ લાગી હતી ત્યારે આગની જ્વાળાઓ દૂર દૂર સુધી દેખાવવા લાગી હતી અને ઘટના સ્થળે તેમજ આસપાસમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગની ફ્લેમ જોઈને ત્રણ ચાર અલગ અલગ જગ્યાએથી ફાયર કન્ટ્રોલમાં કોલ આવવા લાગ્યા હતા. ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી ત્યારે ઈવી શો રૂમ અને ફાર્મસીમાં ભીષણ આગ લાગેલી જ હતી. અમારી ટીમ દ્વારા તાત્કાલિક આગને કાબૂમાં કરવાના પ્રયાસો

...અનુસંધાન પાના ૧૩ પર

CA ફાઇનલ 2026નું પરિણામ, સુરતનું કુલ પરિણામ 16.15 ટકા નોંધાયું

સુરતમાં ટોપ 5 રેન્ક મેળવનાર 6 વિદ્યાર્થી દેશમાં ટોપ-50માં સામેલ



અક્ષત બેરીવાલ દેશમાં 10મા રેન્ક સાથે સુરતમાં પ્રથમ

સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) દ્વારા મે મહિનામાં યોજાયેલી સીએ ફાઇનલ પરીક્ષાનું પરિણામ ગુરુવારે જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામમાં સુરતના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરતાં શહેરનું ગૌરવ વધાર્યું છે. ખાસ કરીને છ વિદ્યાર્થીએ શહેરમાં ટોપ 5માં અને દેશની ટોપ-50 રેન્ક ચાદીમાં સ્થાન મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

સુરત શાખાના અધ્યક્ષ સી.એ. રાહુલ અગ્રવાલે જણાવ્યું હતું કે બંને ગ્રૂપની પરીક્ષા માટે કુલ 644 વિદ્યાર્થી ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 104 વિદ્યાર્થી બંને ગ્રૂપમાં સફળ થયા છે. ઉપરાંત 20 વિદ્યાર્થી ગ્રુપ-1 અને 51 વિદ્યાર્થી ગ્રુપ-2માં સફળ રહ્યા હતા. બીજી તરફ માત્ર ગ્રુપ-1ની પરીક્ષા આપનારા 548 વિદ્યાર્થીમાંથી 48 વિદ્યાર્થી પાસ થયા હતા, જ્યારે માત્ર ગ્રુપ-2ની પરીક્ષા આપનારા 321 વિદ્યાર્થીમાંથી 94 વિદ્યાર્થી સફળ રહ્યા હતા. વેસુ સ્થિત પેનોરામિક એજ્યુકેશનના માર્ગદર્શન હેઠળ અભ્યાસ કરનારા છ વિદ્યાર્થીએ દેશની ટોપ-50 રેન્કમાં સ્થાન મેળવ્યું છે, જ્યારે સંસ્થાના 50થી વધુ વિદ્યાર્થીઓ સીએ બનવામાં સફળ રહ્યા છે. મૂળ રાજસ્થાનના મુકંદગઢના અક્ષત બેરીવાલે 451 ગુણ સાથે દેશભરમાં 10મો ક્રમ મેળવ્યો છે. અક્ષત ગોયલે 412 ગુણ સાથે 41મો, ભરતપુરની કૃતિકા સિંઘલે 408 ગુણ સાથે 45મો ક્રમ મેળવ્યો છે. જ્યારે શ્રીગંગાનગરની ભૂમિકા બંસલ અને ચુરુના અમન અગ્રવાલે 404-404 ગુણ સાથે સંયુક્ત રીતે 49મો ક્રમ મેળવ્યો છે. આ તમામ વિદ્યાર્થીઓએ સુરતના ટોપ-5માં પણ સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત મહારાષ્ટ્રના નાસિકની દિવ્યા બોરાએ ઓનલાઇન અભ્યાસ કરીને 453 ગુણ સાથે દેશભરમાં 8મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. શહેરના અન્ય વિદ્યાર્થી રાજ શાહે 420 ગુણ મેળવી દેશભરમાં 33મો ક્રમ મેળવ્યો છે. અનેક વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં 100માંથી 70થી વધુ ગુણ મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી છે.

100થી વધુ વિદ્યાર્થીઓ બન્યા સીએ

ઘોડદોડ રોડ સ્થિત સીએ રવિ છાવછરિયાના માર્ગદર્શન હેઠળ 100થી વધુ વિદ્યાર્થીઓએ સીએ ફાઇનલ પરીક્ષા પાસ કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. સંસ્થાના ટોપ સ્કોરર્સમાં મેઘા તોડી અને રાહુલ આચાર્ય સંયુક્ત રીતે 391 ગુણ સાથે પ્રથમ સ્થાને રહ્યા હતા. ત્યારબાદ દર્શિત શાહે 388, ઋદ્ધિ જૈને 374, ધ્વનિ રાફલિયાએ 361, રેની ગાંધીએ 356 અને જય સકડાસરિયાએ 352 ગુણ પ્રાપ્ત કર્યા હતા. સંસ્થાના અનેક વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં 70થી વધુ ગુણ મેળવી ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. પરીક્ષા પાસ કરીને સીએ બનનારા વિદ્યાર્થીઓમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ મૂળ રાજસ્થાનના વિવિધ જિલ્લાઓના હોવાનું જાણવા મળ્યું છે.

શહેરના ટોપ-5 અને એઆઇઆર-50 માં સામેલ વિદ્યાર્થીઓ

વિદ્યાર્થી	સુરત રેન્ક	AIR
અક્ષત બેરીવાલ	01	10
રાજ શાહ	02	33
અક્ષત ગોયલ	03	41
કૃતિકા સિંઘલ	04	45
ભૂમિકા બંસલ	05	49
અમન અગ્રવાલ	05	49

મેડિટેશનથી બની સફળતાની રાહ સરળ

શહેરમાં બીજો અને દેશભરમાં 33મી રેન્ક મેળવનાર રાજ શાહે જણાવ્યું કે, અભ્યાસ માટે ક્યારેય નિશ્ચિત કલાકો નક્કી કર્યા નહોતા, પરંતુ સતત મહેનતને પ્રાથમિકતા આપી. હું નિયમિત રીતે ધ્યાન (મેડિટેશન) કરતો હતો, જેના કારણે એકાગ્રતા વધી અને પરીક્ષા દરમિયાન તણાવમુક્ત રહી સારું પ્રદર્શન કરી શક્યો.

દીદીની પ્રેરણાથી CAમાં ઓલ ઇન્ડિયા 10મો રેન્ક, સફળતાનું રહસ્ય રિયાલિસ્ટિક પ્લાનિંગ

અક્ષત બેરીવાલાએ જણાવ્યું કે તેમની મોટી બહેને અગાઉ CAમાં ઓલ ઇન્ડિયા પ્રથમ રેન્ક મેળવ્યો હતો, જેના કારણે તેમને CA બનવાની પ્રેરણા મળી. તેમના પિતા ટેક્સટાઇલ બિઝનેસ સાથે જોડાયેલા છે અને માતા ગૃહિણી છે. અક્ષતે પોતાની તૈયારી દરમિયાન રોજિંદા ટાર્ગેટ નક્કી કરીને તેનો 90-95% ભાગ પૂર્ણ કરવાનો પ્રયત્ન કર્યો. તેમના મતે સફળતા માટે પોતાની ક્ષમતા મુજબ વાસ્તવિક અને સંતુલિત આયોજન કરવું ખૂબ જરૂરી છે. તેમણે અભ્યાસ દરમિયાન બીજો કોર્સ શરૂ કરવાને કારણે CAથી થોડો વિરામ લીધો હતો. ઉપરાંત આર્ટિકલશિપ દરમિયાન ઓફિસના કામનો ભાર અને પારિવારિક જવાબદારીઓ વચ્ચે સંતુલન જાળવીને તેમણે પોતાની તૈયારી ચાલુ રાખી અને સફળતા મેળવી.

સુરતમાં ઇન્ટરનેશનલ ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ

નેધરલેન્ડથી ઘાતક LSD ડ્રગ મંગાવ્યું

નેધરલેન્ડ, દિલ્હી અને અમદાવાદ એરપોર્ટનું હાઇટેક એક્સ-રે ચેકિંગ ફેઇલ

ચેન્નાઇ પોલીસે અઠવાલાઇન્સના વેપારી પુત્રને નાનપુરા પોસ્ટ ઓફિસમાંથી જ ઝડપી લીધો

કાગળો વચ્ચે પાવડર ફોર્મમાં છુપાવી કન્સાઇનમેન્ટ સુરત મોકલાયું હતું

સુરતઃ શહેરમાં ધમધમતા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કનો ચેન્નઈ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. વિદેશથી કાગળોની આડમાં પાવડર ફોર્મમાં મોકલાતા ઘાતક LSD ડ્રગ્સના કન્સાઇનમેન્ટ સાથે સુરતના હાઇપ્રોફાઇલ અઠવાલાઇન્સ

...અનુસંધાન પાના ૧૩ પર

લક્ઝરી કાર લઈને ડ્રગ્સ લેવા આવ્યો ને જાળમાં ફસાયો

બુધવારે બપોરે ચેન્નઇ NCBની ખાસ ટીમ સાદા કપડામાં નાનપુરા પોસ્ટ ઓફિસમાં ગોઠવાઈ ગઈ હતી. યોજના મુજબ પોસ્ટમેન પાસે આરોપી યશ છાબરાને ફોન કરાવવામાં આવ્યો હતો કે તેનું એક ઇન્ટરનેશનલ પાર્સલ આવ્યું છે, જે તેને રૂબરૂ આવીને મેળવી જવાનું રહેશે. ડ્રગ્સની લાલચમાં અડાજણનો આ નબીરો પોતાની લક્ઝરી કાર લઈને તાત્કાલિક નાનપુરા પોસ્ટ ઓફિસે પહોંચ્યો હતો. જેવી તેણે વિદેશી પાર્સલની ડિલિવરી સ્વીકારી, કે તરત જ વોચમાં ગોઠવાયેલા અધિકારીઓએ તેને દબોચી લીધો હતો. તેની અંગઝડતી લેતા આંતરરાષ્ટ્રીય બજારમાં લાખોની કિંમત ધરાવતું 0.2 ગ્રામ અત્યંત ઘાતક LSD ડ્રગ્સ મળી આવ્યું હતું.

આરોપી અગાઉ પણ ડ્રગ્સ મંગાવી ચૂક્યો છે. પોસ્ટમેનની જુબાનીમાં ખુલાસો

ધરપકડ બાદ નાર્કોટિક્સ બ્યુરોની ટીમે સંબંધિત વિસ્તારના પોસ્ટમેનની કાયદેસરની પૂછપરછ હાથ ધરી હતી. જેમાં ચોંકાવનારો ઘડાકો થયો હતો કે આરોપી યશ છાબરા આ કાળા કારોબારમાં નવો નિશાળિયો નથી. તે અગાઉ પણ નેધરલેન્ડથી આવા શંકાસ્પદ પાર્સલ પોતાના અડાજણ સ્થિત ઘરના એડ્રેસ પર મંગાવી ચૂક્યો છે. તે સામાન્ય રીતે વિદેશથી આવતી કિંમતી ગિફ્ટ, આકર્ષક ગ્રીટિંગ કાર્ડ કે ઇન્ટરનેશનલ મેગેઝિન હોવાનો ઢોંગ કરતો હતો અને તેની આડમાં ડ્રગ્સ છુપાવીને મંગાવતો હતો.

સુરતના ધનિક નબીરાઓ અને ડ્રગ સિન્ડિકેટનાં કનેક્શન અંગે સઘન તપાસ

સુરત શહેરના અઠવાલાઇન્સ વિસ્તારના મોટા વેપારીના પુત્રનું નામ આ આંતરરાષ્ટ્રીય ડ્રગ રેકેટમાં સામે આવતા જ ઉચ્ચ સોસાયટીના વર્તુળોમાં ભારે ફફડાટ મચી ગયો છે. કસ્ટમ અને એરપોર્ટ સેક્યુરિટીની આંખમાં ધૂળ નાખી ડ્રગ્સ મંગાવવાના આ હાઇટેક નેટવર્ક પાછળ અન્ય કયા સ્થાનિક ડ્રગ પેડલર્સ કે નબીરાઓ સામેલ છે તેની તપાસ તેજ કરવામાં આવી છે. ચેન્નઇ NCBની ટીમ હવે યશના બેંક એકાઉન્ટ્સ, ડાર્ક વેબ ટ્રાન્ઝેક્શન્સ અને મોબાઇલ ફોનના ડેટા રિકવર કરીને આ આખા નેટવર્કનું કમરતોડ ઓપરેશન આગળ ધપાવી રહી છે, જેમાં આગામી દિવસોમાં સુરતમાંથી વધુ મોટી ધરપકડો થવાની પ્રબળ સંભાવના છે.

કોર્ટમાં પોલીસે માર્યો હોવાની ફરિયાદ કરી

સુરતઃ ગઈકાલે ચેન્નાઇ એનસીબી પોલીસે એક ડ્રગ્સ કેસમાં સુરતનાં કાપડ વેપારી યશ છાબરાને નાનપુરાથી ઉઠાવ્યાં બાદ આજે ટ્રાન્ઝીટ રિમાન્ડ માટે સ્પેશિયલ એનડીપીએસ કોર્ટમાં રજૂ કરાતાં કાપડ વેપારી દ્વારા પોલીસ એ મારી માર્યા ની ફરિયાદ કરતાં કોર્ટે કાપડ વેપારીની મેડીકલ સારવાર કરાવી લાજપોર જેલમાં રાખી આવતીકાલે સવારે ૧૦:૩૦ કલાકે કોર્ટમાં રજૂ કરવાનો હુકમ કર્યો હતો. આ કેસમા

...અનુસંધાન પાના ૧૩ પર

ડ્રગ પેડલર સિરાજ પેન્ટર વરિયાવી બજારમાંથી ઝડપાયો

સુરતઃ SOGની ટીમે બાતમીના આધારે વરિયાવી બજાર શાહપોર રોડ પરથી અઠવા પોલીસ મથકના NDPSના ગુનામાં વોન્ટેડ રીઢા ડ્રગ્સ પેડલરને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે.

એસ.ઓ.જી.ની ટીમ જ્યારે નાસતા-ફરતા આરોપીઓની યાદી તૈયાર કરી તપાસમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ જગશીભાઈ શાંતિલાલ તથા પોલીસ કોન્સ્ટેબલ સિકંદર બિસ્મિલ્લાને ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે વરિયાવી બજાર શાહપોર પાસે વોચ ગોઠવી આરોપી અહેમદ સિરાજુદ્દીન ઉર્ફે સિરાજ પેન્ટર સલીમ મિસ્ત્રી (ઉ.વ.૩૪) (રહે.,શાહપોર, વરિયાવી બજાર, સુરત)ને કોર્ડન કરી ઝડપી પાડવામાં

...અનુસંધાન પાના ૧૩ પર

સિટીલાઇટ રોડ પર વોક માટે નીકળેલા વેપારીનો આઇફોન ઝૂંટવાયો

સુરતઃ સિટીલાઈટ રોડ પર રાત્રિના સમયે વોકિંગ કરવા નીકળેલા એક કાપડ વેપારીને નિશાન બનાવી મોટરસાઈકલ પર આવેલો અજાણ્યો શખ્સ તેમના હાથમાંથી આઈફોન ઝૂંટવી ફરાર થઈ ગયો હતો.

સીટીલાઈટ રોડ પર આવેલા 'આશીર્વાદ પાર્ક' માં રહેતા મ્રીનાલ મુકુલ મિશ્રા (ઉ.વ.૨૯) રિંગ રોડ પર ઋષભ માર્કેટમાં 'એમ.ટી. એજન્સી' નામે સાડીનો વ્યવસાય કરે છે. ગત તા. ૧૦/૦૬/૨૦૨૬ ના રોજ રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં મ્રીનાલભાઈ જમીને ઘરની નજીક અશોક પાન સેન્ટર વાળા રોડ પર ચાલવા માટે નીકળ્યા હતા. પોણા દસ વાગ્યાની આસપાસ તેઓ પોતાના સ્કાય બ્લુ કલરના એપલ કંપનીના 'આઈફોન ૧૪' (૧૨૮ જીબી) પર વાત કરતાં કરતાં કોટક બેંકની આગળ આવેલા ચોક પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે અચાનક પાછળથી કાળા કલરની નંબર પ્લેટ વગરની બાઈક પર એક અજાણ્યો શખ્સ ધસી આવ્યો હતો અને ક્ષણભરમાં તેમના હાથમાંથી રૂ.૧૫,૦૦૦ની કિંમતનો આઈફોન આંચકી લીધો હતો. વેપારી

...અનુસંધાન પાના ૧૩ પર

પાંચમી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી

જીવન એવું જીવી ગયા કે કયારેય ભુલાય નહીં, જીવનભર મહેનત કરી શૂન્યમાંથી સર્જન કર્યું, પૂપસળી જેવું જીવન જીવી કુંટુંબને સુખના સાગરમાં તરતા મુકી ગયા, તમારો લાગણી ભર્યો સ્વભાવ અને અમારા સૌ સાથેનો આત્મીય લગાવ હંમેશા યાદ રહેશે, આંખો હજુ નિહાળે છે તમને,અંતર હજી પોકારે છે તમને, તમારૂ સ્મરણ થાય છે ત્યારે મન મુકીને રડાવે છે. અમને સત્કર્મો તમારી શોભા હતી. પ્રભુ આપના આત્મજનોને જીવન જીવવાની શક્તિ અને ધીરજ અર્પે એજ આપના આશીર્વાદ સાથે અમારા સૌની સાશ્ય પ્રાર્થના સહ શ્રદ્ધાંજલિ ....

લિ.

સ્વ. વિનોદરાય (વિનુભાઈ) અંબારામ મોદી
સ્વ. તા. ૧૯/૬/૨૦૨૧

શ્રી અંબિકા ઓટો ગ્રુપ પરિવાર

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીકસ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ ૩૦૦૦/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાસુમન

સ્વ. યશવંતીબેન ચંપકલાલ ભગતવાલા

સ્વ. તા. ૧૯-૦૬-૨૦૨૫

રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા અમને, હસમુખો ચહેરો, માયાળુ - ઉદાર સ્વભાવ, સૌમ્ય વ્યકિતત્વ સદાય યાદ રહેશે અમોને, ઈશ્વરને પુછીશું અમે કે જેની જરૂર હતી અમારે તેની તમારે શી જરૂર પડી? પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ સમસ્ત પરિવારની પ્રાર્થના ....

શોકાતુર

ચંપકલાલ મુલચંદદાસ ભગતવાલા
મનીષ ચંપકલાલ ભગતવાલા (પુત્ર)
કૃણાલ મનીષ ભગતવાલા (પૌત્ર)

મેસર્સ

ચેતના એમ્પોરિયમ | મૈત્રી ગારમેન્ટ
શ્રીજી ટ્રેડિંગ | શ્રી તુલસી ગારમેન્ટ
વિલાસ